# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૯/કવા–૦૩/૧૮–૧૯/ 275-8 તા. 5-1-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભગવાનજી જીવરાજ સોમેશ્વર,
શિવ કૃપા જી ઈ બી કોલોની સામે
14- જુરીબાગ
પોરબંદર
મો: ૯૯ ૨૪૦ ૭૯ ૩૧૮

વિષય :–ચેક રીટર્ન પેનલ્ટી બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૦–૧૨–૧૮ **(અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૯/કવા–૦૩/૧૮–૧૯ )**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી , પોરબંદર**
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, કોસ્ટલ પેટા વિભાગીય કચેરી, પોરબંદર**

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૮૯/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૧–૦૧–૧૯ | સ્થળ : પોરબંદર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ભગવાનજી જીવરાજ સોમેશ્વર, ગામ: પોરબંદર**

**રજુઆત કરનાર: અરજદાર ભગવાનજી જીવરાજ સોમેશ્વર હાજર રહેલ છે.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : કોસ્ટલ પેટા વિભાગીય કચેરી, પોરબંદર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી પોરબંદર )

રજુઆત કરનાર :જી.એ.પીઠીયા – નાયબ ઈજનેર – ટેક, શહેર વિભાગીય કચેરી પોરબંદર

**: હુકમ :**

**ફરીયાદ : ચેક રીટર્ન પેનલ્ટી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર ભગવાનજી જીવરાજ સોમેશ્વર ગામ:પોરબંદર તેઓની અરજી ના નોંધણી નંબર :૮૯/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, કમલબાગ પેટા વિભાગીય કચેરી મા તપાસ કરતા જણાવેલ કે– તેઓ દ્વારા તા.૨૮–૦૬–૧૮ ના રોજ વીજબીલ પેટે પંજાબ નેશનલ બેંક ના ચેક નં.– ૪૯૨૩૦૪ બેંક માથી રીટર્ન થયેલ છે, જેની બેંક દ્વારા રૂ.૧૭૭/–પેનલ્ટી વસુલ કરાયેલ છે. જે તેઓ પાસેથી વસુલ કરે છે. સદર બાબતે – તેઓએ તેઓની સબંધક બેંક મા તપાસ કરતા – બેંક દ્વારા જણાવેલ કે – સદર ચેક રીટર્ન થયેલ નથી, અને પેનલ્ટી પણ વસુલ કરાયેલ નથી, જે બેંક નુ સ્ટેટમેન્ટ સામેલ કરેલ છે, તેમ છતા – ગ્રાહક પાસેથી વિના કારણ ની વસુલાત યોગ્ય નથી, તેથી – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી કમલાબાગ પેટાવિભાગીય કચેરીના ગ્રાહક શ્રી ભગવાનજી જીવરાજ, ગ્રા.નં. ૮૨૭૦૬/૦૧૪૯૪/૬ તારીખ ૩૦.૦૬.૨૦૧૮ના રોજ કોસ્ટલ પેટા વિભાગીય કચેરીની કેશબારી પર રસીદ નં. WX967427 થી રૂ. ૧૯૯૦.૦૦ ચેક નં. 492304 (PUNJAB NATIONAL BANK) દ્વારા માહે મે/જુન બીલ્ડ ઇન જુલાઈ-૨૦૧૮નું વીજબીલ પેમેન્ટ કરવામાં આવેલ હતુ. સદર ચેકનું ક્લીયરીંગ જુલાઈ માસમાં થતા તારીખ ૦૩.૦૭.૨૦૧૮ ના રોજ બેંક સ્ટેટમેન્ટ મુજબ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા ચેક રીટર્ન કરવામાં આવેલ અને તે સાથે રૂ ૧૭૭.૦૦ ચેક રીટર્ન ચાર્જ વસુલવામાં આવેલ હતો.અને તેમને લીધે સદર ગ્રાહકને તારીખ ૧૦.૦૮.૨૦૧૮ ના રોજ Trx Id 25053324થી રૂ ૧૭૭.૦૦ ચેક રીટર્ન ચાર્જ પેટે ઉધારવામાં આવેલ. ત્યારબાદ પેટા વિભાગીય કચેરીના સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના બેંક સ્ટેટમેન્ટમાં તારીખ ૦૬.૦૭.૨૦૧૮ ના રોજ આ જ ચેક નં. 492304 ફરીથી જમા આપવામાં આવેલ હતો |
| ૨.૨ | ફોરમ કમિટી મીટીંગ: તા. ૦૧–૦૧–૧૯ ના રોજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે – ઉપરોક્ત બાબતે બેંક પાસે પત્ર લખીને સ્પષ્ટતા માંગેલ – જે અન્વયે જણાવેલ કે – બેંક મા નોન કનેકટીવીટી ના કારણોસર ચેક ડીસઓનર |

| | |
|---|---|
| | થતા પીજીવીસીએલ ની પાસેથી રૂ ૧૭૭.૦૦ ઓછા જમા કરેલ, ત્યારબાદ સદર ચેક ફરીથી બેંક મા જમા કરતા – ચેક ક્લીયર થઈ ગયેલ હોય – સદર બાબતે કપાત કરેલ રૂ ૧૭૭.૦૦ પીજીવીસીએલ ના ખાતામા જમા આપવાની – બેંક દ્વારા મૌખિક ખાત્રી આપેલ હોય, જે જમા થયે ગ્રાહક ના ખાતામાં જમા આપવાની ખાત્રી આપેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર **ભગવાનજી જીવરાજ સોમેશ્વર** દ્વારા પંજાબ નેશનલ બેંક ના ચેક નં.– ૪૯૨૩૦૪ **થી રૂ. ૧૯૯૦.૦૦** વીજબીલ પેટે પીજીવીસીએલ મા જમા કરાવેલ, જે પીજીવીસીએલ દ્વારા તેઓના **સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા** ખાતામા સદર ચેક જમા કરાવેલ, જે **રીટર્ન** થયા અંગે ની નોંધ અન્વયે – ગ્રાહક ના ખાતામા રૂ.૧૭૭/– ડેબીટ કરવામા આવેલ હતા, તે પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે – ફોરમ કમિટી દ્વારા – પીજીવીસીએલ પક્ષકાર ને સબંધક બેંક ને સત્વરે કપાત થયેલ રકમ ને જમા આપવા જણાવેલ – જે અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઈ–મેઈલ તા.૦૭–૦૧–૧૯ મુજબ – સદર બાબતે – સબંધક બેંક દ્વારા – કપાત થયેલ રકમ રૂ.૧૭૭/– પીજીવીસીએલ ના ખાતામા જમા આપેલ છે, જે અનુસંધાને – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા ગ્રાહક ના ખાતામા સદર રકમ રૂ.૧૭૭/– જમા આપવા અંગે ની કાર્યવાહી પૂર્ણ કરાયેલ હોય – જે હવે પછી ના વીજબીલ માં જમા આવશે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. તે બાબતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવા બાબતે નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.